# લોકોના 'મનપસંદ' ઝાકિરના રિટાયરમેન્ટથી ફેન્સ 'ડિલુલુ'માં

**'સખ્ત લૌંડા' નામથી જાણીતા અને ભારતના સૌથી પ્રિય સ્ટેન્ડ-અપ કોમેડિયન ઝાકિર ખાને જાન્યુઆરી 2026માં મોટી જાહેરાત કરી કે તે લાઇવ કોમેડી શો અને ટુરમાંથી લાંબો.... બ્રેક લઈ રહ્યો છે! 3 થી 5 વર્ષનો, એટલે કે 2030 સુધી! આને ઘણા લોકો 'મીની રિટાયરમેન્ટ' કહે છે, પણ ઝાકિર કહે છે કે આ માત્ર રેસ્ટ છે, હેલ્થ અને પર્સનલ વાતો સેટલ કરવા માટે.**



સ્પોટલાઇટ

હૈદરાબાદમાં તાજેતરના 'પાપા યાર' ટુર દરમિયાનના શોમાં તે ઈમોશનલ થઈ ગયો અને કહ્યું કે, 'મારું શરીર હવે પહેલા જેવું નથી ચાલતું. 10 વર્ષથી રોજ 2-3 શો, રાત્રે સૂવાનો પણ ટાઈમ નહીં, સવારે વહેલી ફ્લાઈટ, ખાવાનો ટાઈમ પણ નહીં - આ બધાએ મને બીમાર કરી દીધો છે.' હકીકતમાં છેલ્લા એક વર્ષથી ઝાકિર ખાન બીમાર હતા પણ કામ ચાલુ રાખતાં હતા. પરંતુ તબીયત વધારે બગડતાં ડોક્ટરોએ લાંબો રેસ્ટ લેવા સૂચવ્યું. જૂન 20, 2026 તેમનો છેલ્લો મોટો શો હોઈ શકે છે - તે પછી સ્ટેજ પર નહીં જોવા મળે. એ પહેલા તે સુરત અને અમદાવાદ પર્ફોમ કરશે એટલે ફેન્સ શો બૂક કરાવવા વધારે ઉતાવળા બન્યા છે.

ઝાકિર ખાનના કોમિક ડાયલોગ્સ અને તેમની ડિલિવર શાયરીઓ તો જાણીતી છે. પરંતુ તેમની પર્સનલ લાઈફ વિશે ભાગ્યે જ કોઈ જાણતું હશે. જન્મ ઈન્દોરમાં થયો હતો. મૂળ તેઓ રાજસ્થાની મુસ્લિમ ફેમિલીમાંથી આવે છે, જે ક્લાસિકલ મ્યુઝિકની હતી. તેમના દાદા ઉસ્તાદ મોઈનુદ્દીન ખાન સારંગી માસ્ટર હતા, જેમને પદ્મશ્રી ખિતાબ પણ મળ્યો હતો. જેઓ છેલ્લે અમદાવાદમાં રહેતા હતા, ત્યારથી ઝાકીરને પતંગ ચગાવવાનો શોખ વધ્યો, ને હવે તો ઉતરાણમાં સમય હોય તે અમદાવાદ અચૂક આવે છે. લોકોને હસાવતા ઝાકિર પાસે તો સિતાર વાદનમાં ડિપ્લોમા ડિગ્રી પણ છે. જો ઝાકિર ખાન સ્ટેન્ડ અપ કોમેડી ન કરતા હોત તો ક્લાસિકલ મ્યુઝિક ટીચર હોત એમાં કોઈ શક નથી.

ઝાકિર ખાનના ડાર્ક કમ્પ્લેક્શન અને લુક્સને કારણે બાળપણમાં ક્લાસમેટ્સ વડે બુલીંગ થતું જેના કારણે તેમને સ્કૂલ બદલવી પડી. જેમતેમ કોલેજ એડમિશન લીધું પણ ડ્રોપઆઉટ કરી રેડિયો પ્રોડ્યુસર બનવા દિલ્હી આવ્યા, પણ પૈસા વગર રૂમનું ભાડું પણ કેમ ભરવું! પણ હિંમત ન હારી. 2012માં કોમેડી સેન્ટ્રલમાં ભાગ લીધો અને 'ઇન્ડિયા'સ બેસ્ટ સ્ટેન્ડ અપ' જીત્યું - જેનાથી તેમને ઓળખ મળી. પછી AIB સાથે 'On Air with AIB' કર્યું. એમેઝોન પ્રાઈમ પર રિલીઝ થયેલાં તેમના સ્પેશિયલ્સ 'હક્ક સે સિંગલ'- (2017), 'કક્ષા ગ્યારવીં' -(2018), 'તથાસ્તુ' (2022), 'મનપસંદ' (2023), 'ડિલુલુ એક્સપ્રેસ' (2025) ઘણાં જાણીતા છે.

ઝાકિર 'સખ્ત લૌંડા'- મતલબ કે જે છોકરો લવમાં પણ કંટ્રોલમાં રહે!- ઈમેજ બનાવે છે, પણ ઘણા ફેન્સ કહે છે કે તેઓ લાંબા સમયથી રિલેશનશિપમાં છે, પરંતુ લોકો સામે પ્રાઈવેટ રહેવા માંગે છે અને તેથી તેઓ પોતાની ગર્લફ્રેન્ડ વિશે ઓપન નથી થતા. પણ કેટલાક સ્પેશ્યલમાં તેમની રિલેશનશિપની વાતોમાં હિન્ટ્સ આવે છે - જેમ કે ફાઈટ પછી જ્યાં સુધી કોઈ સોલ્યુશન ના આવે ત્યાં સુધી ઊંઘ ન આવે! કેટલાક લોકો એવું પણ માને છે કે ઝાકિર ખાન મેરિડ છે પણ પ્રાઈવેટ રાખે છે. ફેન્સને 'સખ્ત લૌંડા' ઈમેજ જોઈએ છે એટલે ઓપન નથી કરતા.

ઝાકિરની કોમેડીની ખાસિયત એ છે કે તેઓ કપિલ શર્માની જેમ ઈન્સલ્ટ વાળી કોમેડી નથી કરતા - તેમની કોમેડી રિલેટેબલ અને ઈમોશનલ છે. તેઓ અન્ય કોમેડિયનની જેમ રોસ્ટિંગનો સહારો નથી લેવો પડતો અને નેચરલ કોમેડીને કારણે કોન્ટ્રોવર્સીમાં નથી ફસાતા. અમેરિકામાં 2025માં મેડિસન સ્કવેર ગાર્ડનમાં પહેલા ઈન્ડિયન કોમેડિયન તરીકે 6000 લોકો સામે પૂરો હિન્દી શો કર્યો હતો જેનું ટાઈમ્સ સ્કવેરમાં પ્રમો પણ થયું.

તેમના આ મીની રિટાયરમેન્ટથી ફેન્સ ઉદાસ તો થઇ ગયા છે, પરંતુ આવા સમયે સપોર્ટ પણ કરે છે. તેમનું મોટું ફેન ફોલોઈંગ જેન-ઝી છે અને તેઓ માને છે કે હેલ્થ સૌથી પહેલાં આવે. જોકે, કરિયરની ટોચ પર ઊભા રહી ઝાકિરનું આ સ્ટેપ તેમના કરિયરને ઘણી અસર પાડે એવું છે.

ઝાકિરની હાલની નેટ વર્થ આશરે 26 કરોડ રૂપિયા છે, જે ટુર, OTT, યુટ્યુબ, પોડકાસ્ટથી આવે છે. તેઓ પોએટ્રી પણ લખે છે. ઝાકિરને તેમના જેન-ઝી ફેન્સ ઘણાં મિસ કરશે પણ હેલ્થ સારી થયા પછી એક મોટા કમબેકની આશા પણ રાખીએ. ●

## ઝાકિરનાં ચુનંદા શેર 'શૂન્ય પર સવાર'

» મેરી જમીન તુમસે ગહરી રહી હૈ,
વક્ત આને દો, આસમાન ભી તુમસે ઊંચા રહેગા
» કામયાબી તેરે લિએ હમને ખુદ કો કુછ યૂં તૈયાર કર લિયા,
મૈંને હર જઝ્બાત બાજાર મેં રખ કર એશ્તેહાર કર લિયા
» યૂં તો ભૂલે હૈં હમેં લોગ કઈ, પહલે ભી બહુત સે પર તુમ જિતના કોઈ ઉન્મે સેં, કભી યાદ નહીં આયા યૂઁ તો ભૂલે હૈ હમે લોગ કઈ, પહલે ભી બહુત સે પર તુમ જિતના કોઈ ઉનમે સે યાદ નહીં આયા..
» બેવજહ બેવફાઓં કો યાદ કિયા હૈ,
ગલત લોગો પર બહુત બર્બાદ કિયા હૈ.
» વો તિતલી કી તરહ આયી ઔર ઝિન્દગી કો બાગ કર ગયી

# સ્લો-બર્ન મિસ્ટ્રી થ્રિલર જોવી હોય તો જોઇ લો 'એકો'




મલયાલમ સિનેમા પાસેથી હંમેશા કંઈક નવું અને અલગ મળે છે. નવેમ્બરમાં રિલીઝ થયેલી 'એકો' ફિલ્મનું કન્ટેન્ટ પણ આઉટ-ઓફ બોક્સ જ છે. આ ફિલ્મને ડિરેક્ટર દિન્જિથ અય્યથને બનાવી છે અને રાઈટર બાહુલ રમેશ છે. 'એકો' તેમની એનિમલ ટ્રિલોજીની ત્રીજી અને છેલ્લી ફિલ્મ છે.

125 મિનિટ રનટાઈમ ધરાવતી 'એકો'ની સ્ટોરી કેરળના ઇડુક્કી જિલ્લાના કાટ્ટુકુન્નુના ધુમ્મસવાળા પહાડોમાં બને છે. અહીં એક વૃદ્ધ સ્ત્રી (મ્લાથી મા) અને તેના સેવક છોકરા પીયુસ (સંદીપ પ્રદીપ) ઊંચી પહાડી પર રહે છે. મ્લાથીનો પતિ કુરિયાચન એક પ્રખ્યાત ડોગ બ્રીડર (કૂતરા પાળનાર અને વેચનાર) હોય છે, જે ગુમ થઈ ગયો છે. વર્ષો પછી લોકો તેને શોધવા આવે છે - કેટલાક મિત્રો, કેટલાક દુશ્મનો, પોલીસ વગેરે. કુરિયાચનની પાસે મલેશિયામાંથી આવેલા ખાસ કૂતરા હતા, અને તેની જિંદગીમાં ઘણા અંધારા રહસ્યો છે, જે ધીમે ધીમે ખુલે છે, જેને સ્લો-બર્ન મિસ્ટ્રી થ્રિલર કહી શકાય. ફિલ્મ નોન-લીનિયર છે, એટલે કે ફિલ્મમાં વર્તમાન, ભૂતકાળ અને વિવિધ ટાઈમલાઈન્સ બતાવવામાં આવે છે, જેમાં વર્લ્ડ વોર 2ના સમયથી લઈને મલેશિયા-સિંગાપોરમાં મલયાલીઓના માઈગ્રેશન સુધીની વાત આવે છે.

આ ફિલ્મની સૌથી મોટી ખાસિયત તેનું વાતાવરણ છે. પહાડો, ધુમ્મસ, જંગલ અને કૂતરાઓ - આ ફિલ્મના કેરેક્ટર બની જાય છે. બહુલ રમેશની સ્ક્રિપ્ટ ખૂબ સ્માર્ટ છે - તે દર્શકને કંઈ સીધું નથી કહેતી, પણ ધીમે ધીમે રહસ્ય ખોલે છે. ક્લાઈમેક્સમાં ટ્વિસ્ટ એવો આવે છે કે તમારે બધું જોડીને સમજવું પડે છે. ફિલ્મ કૂતરા અને માણસ વચ્ચેના સંબંધ, કંટ્રોલ અને સમાજમાં પ્રતિબંધોની અસર વિશે વાત કરે છે. સંદીપ પ્રદીપ (પીયુષ)ની એક્ટિંગ ખૂબ નેચરલ અને ઈમોશનલ છે. વિનેથ, નરેઈન, બિનુ પપ્પુ, અશોકન જેવા કલાકારો પણ પોતાના રોલમાં બેસ્ટ છે. મુજીબ મજીદનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક ખૂબ જ તણાવ ભર્યું અને ઈમર્સિવ છે - તે ફિલ્મને વધુ ડાર્ક અને ડીપ બનાવે છે. બહુલ રમેશની સિનેમેટોગ્રાફી અને સૂરજ ઇ.એસ.નું એડિટિંગ પણ ટોપ ક્લાસ છે. ફિલ્મનો ક્લાઈમેક્સ ખૂબ સારો છે. ફિલ્મના ટ્વિસ્ટ એવાં છે જે તમને આશ્ચર્યમાં મૂકી દે. ફિલ્મમાં થીમ છે પ્રોટેક્શન અને રિસ્ટ્રિક્શનની - કેવી રીતે સુરક્ષા કરવાના નામે બંધન બાંધીએ છીએ. માણસ અને પ્રાણીઓ વચ્ચેનો સંબંધ પણ ઊંડો દેખાડ્યો છે. કુલ મળીને 'એકો' 2025ની સારી મલયાલમ ફિલ્મોમાંની એક છે, જે નેટફ્લિક્સ પર આવી ચૂકી છે. 5 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વર્લ્ડવાઈડ 50 કરોડની કમાણી કરી છે. જો તમને ફાસ્ટ એક્શન અને માસ એન્ટરટેઈનર જોઈએ તો આ ફિલ્મ તમને બોર કરી શકે છે, કારણ કે તે સ્લો પેસની છે. પણ જો તમને એટમોસ્ફેરિક, થિંકિંગ ટાઈપની મિસ્ટ્રી થ્રિલર પસંદ હોય, તો 'એકો' તમારા માટે પરફેક્ટ છે.

એકો
ડાયરેક્ટર- દિન્જિથ અય્યથન
પ્રોડ્યુસર- MRK ઝયારામ અને વિપિન અગ્નિહોત્રી
રનટાઈમ- 125 મિનિટ
ક્યાં જોવું- નેટફ્લિસ

# આ 'માયાસભા'માં શું સાચું શું ખોટું?




અપકમિંગ

ફિલ્મનું ટ્રેલર આવતાની સાથે જ લોકોને વચ્ચે ઉત્સુકતાનો માહોલ છવાઈ ગયો. કેમ કે લગભગ 8 વર્ષ પછી તુમ્બાડ જેવી કલ્ટ ક્લાસિક ફિલ્મના ડાયરેકટર રાહી અનિલ બરવે નવી ફિલ્મ લાવી રહ્યા છે જેનું નામ 'મહાસભાઃ ધ હેલ ઓફ ઈલ્યુશન' જેમાં ફરી દર્શકો રહસ્ય, ડરની અંધકારમય દુનિયામાં લઈ જશે. આ ફિલ્મમાં જાદુ, ભ્રમ, શક્તિ અને માનવ દિમાગની સિમાઓથી દૂર એટલે કે અકલ્પનિય વિચાર સાથે એક ખતરનાખ ખેલ ખેલાય રહ્યો છે.

ફિલ્મમાં જાવેદ જાફરી એક અલગ જ અને રહસ્યમય અવતારમાં જોવા મળશે. જે તમે આજ સુધી નહીં જોયો હોય, આમ તો જાવેદ જાફરી પોતાના દમદાર અવાજને લીધે લોકપ્રિય છે, પણ આ ફિલ્મમાં જાવેદનો રોલ એક શાંત વ્યક્તિનો છે. પણ જાવેદની ખ્વામોશીમાં એક અજીબ પ્રકારનો ડર છૂપાયેલો જોવા મળે છે,

ટ્રેલરમાં બતાવવામાં આવેલા સિન્સ એક સપના જેવા લાગે છે, પરંતુ ધીમે ધીમે તે જ સપનાઓ ભયાનક હકીકત બની જાય છે. ત્યારે એ સમજવું અઘરું થઈ પડે કે સત્ય છે કે ભ્રમ?

રાહી અનિલની ફિલ્મોની એક વિશેષ વાત એ છે કે તેમની હોરર ફિલ્મોમાં માત્ર ડરાવવા પુરતી સિમિત નથી, પરંતુ માનવ સ્વભાવ, લાલચ, સત્તા અને મનોવૈજ્ઞાનિકની દષ્ટિએ જોડી દે છે. 'માયાસભા' ફિલ્મમાં આ જ ઊંડાણ સાફ સાફ જોઈ શકાય છે. બેકગ્રાઉન્ડ સ્કોર, સાઈલન્સનો ઉપયોગ અને જટિલ રહસ્યોનો ભરમાર ફિલ્મને જોવા માટે ઉત્સુક બનાવે છે. 'માયાસભા' 30 જાન્યુઆરી 2026 એટલે કે આવતી કાલે રિલીઝ થઈ રહી છે. જેને પણ રહસ્યો, હોરર અને મનોવૈજ્ઞાનિક ફિલ્મો પસંદ હોય તેવો તૈયાર થઈ જાવ આ માયાસભા જોવા માટે. ●

## રીયલ સિરીયલ

# સિંગલ ગીતા માનાં બોલ્ડ વિચારો!



ફેમસ કોરિયોગ્રાફર અને રિયાલિટી શોની જજ ગીતા કપૂર, જેઓ ચાહકોમાં 'ગીતા મા' તરીકે ઓળખાય છે, તે ગીતા મા હાલ ચર્ચાનો વિષય છે ગીતા કપૂરના એક નિવેદન લઈને સોશિયલ મીડિયા ગરમાયું છે, 52 વર્ષીય ગીતા હજુ પણ સિંગલ છે, પરંતુ તેમણે પર્સનલ લાઈફ, ઈન્ટિમસી અને લગ્ન વગરના સંબંધો પર ખુલીને વાત કરી છે. તેમના આ બોલ્ડ નિવેદન રૂઢિચુસ્ત વિચારધારા ધરાવતા લોકોમાં હલચલ મચાવી દીધી છે.

ગીતા કપૂરે પોતાની નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, લોકોએ મને 'મા'નો દરજ્જો આપ્યો છે તેનો અર્થ એ નથી કે મારી કોઈ પર્સનલ લાઈફ ન હોઈ શકે. તેમણે સ્પષ્ટતા કરી કે, 'તમે મને એવો દરજ્જો આપ્યો છે જે મેં ક્યારેય માંગ્યો નથી. તમે માનો છો કે ગીતા મા છે એટલે તેની લાઈફમાં ઈન્ટિમસી જેવું કંઈ ન હોઈ શકે, પણ હું એક સામાન્ય માણસ છું. મારા ઘરમાં પણ એ જ દાળ-ભાત બને છે જે તમારા ઘરમાં બને છે. આપણી લાગણીઓ અલગ કેવી રીતે હોઈ શકે?'

પોતાના વિચારો પર મક્કમ ગીતાએ કહ્યું કે, તેઓ આજે પણ શારીરિક અને માનસિક રીતે સંતુષ્ટ છે અને ડેટિંગ કરવાનું ચાલુ રાખે છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે સમાજ કેમ અમુક બાબતો સાંભળવા તૈયાર હોતો નથી. તેમણે કહ્યું, 'હું કોઈ નન નથી, કે હું કુંવારી પણ નથી. હું હજુ પણ લોકોને મળું છું, ડેટ કરું છું અને લોકો સાથે ઈન્ટિમેટ પણ થાઉં છું. આમાં શું ખોટું છે? સેલ્ફ-અવેરનેસ અને પોતાની સુખાકારી માટે દરેકને પોતાની પસંદગીનો અધિકાર છે.

અગાઉ એક ઈન્ટરવ્યૂમાં પણ ગીતાએ લગ્ન અને સંતાન પ્રાપ્તિ અંગેના સામાજિક દબાણ પર આક્રોશ ઠાલવ્યો હતો. તેમણે તાર્કિક રીતે પૂછ્યું હતું કે, 'જો તમારે બાળકો જોઈએ છે, તો તે ઈન્ટિમસી વગર કેવી રીતે શક્ય છે? ઘણા લોકો એવું વિચારે છે કે હું 'ગીતા મા' છું એટલે મારે કોઈ સંબંધો ન રાખવા જોઈએ, પણ હું માનું છું કે દરેક વ્યક્તિને પોતાની ખુશીની ક્ષણો શોધવાનો હક છે.

ગીતા કપૂરના મતે, સમાજ જે સાંભળવા માંગે છે તે જ સ્વીકારે છે, પરંતુ જ્યારે કોઈ સ્ત્રી પોતાની શારીરિક જરૂરિયાતો કે ઈચ્છાઓ વિશે ખુલીને વાત કરે ત્યારે તેને અલગ નજરે જોવામાં આવે છે. તેમણે આ પ્રકારના વલણને પાયાવિહોણું ગણાવ્યું હતું. ગીતા કપૂરના આ નિવેદનોએ સાબિત કર્યું છે કે તેઓ માત્ર ડાન્સ ફ્લોર પર જ નહીં, પણ અંગત જીવનના વિચારોમાં પણ તેટલા જ સ્વતંત્ર અને આધુનિક છે. હાલમાં સોશિયલ મીડિયા પર ગીતા કપૂરના આ સ્ટેન્ડને લઈને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યા છે. કેટલાક લોકો તેમના સાહસિક વલણને આવકારી રહ્યા છે, તો કેટલાક લોકો 'મા'ના બિરુદની ગરિમા વિશે દલીલો કરી રહ્યા છે. ●

# બબાલનું નવું ઘર 'ધી 50'

બીગબોસ પછી બીજો એક કોપી રિયાલીટી શો આવી રહ્યો છે. જે અમેરિકન રિયાલિટી શો 'લોસ 50'ના કોન્સેપ્ટ પરથી બનાવવામાં આવ્યો છે, તો ચાલો જાણીએ આ શો ધી 50 વિશે... 10,000 સ્કેર ફૂટ એરિયાનો સેટ જેમાં 6 બેડરૂમ અને 3 ગેમિંગ ઝોન છે. આ ગેમિંગ ઝોનમાં જ બધા ટાસ્ક કરવાના છે. આ શો બીગબોસ કરતા અગલ છે કેમ કે સદસ્યોને કોઇ ઘર કામ કરવાનું નહીં આવે અને ન તો કિચન જોવા મળશે. એટલે કે 'ધ 50'ની ટીમ જ જમવાની વ્યવસ્થા કરશે. એટલે જે બીગબોસમાં કિચનને




કારણે જે લડાઇ થતી જોવા મળતી તે જોવા નહીં મળે! પણ લડાઇ-ઝગડા તો હશે જ તે નક્કી! 'ધ 50' શોના હોસ્ટ બોલિવૂડના કોઇ ખાસ વિલન જ હોસ્ટ કરે તે રીતે શો બનાવાયો છે. પણ ફરાહ ખાનનું નામ સામે આવ્યું છે. સંજૂ બાબા કે અજય દેવગન પણ હોસ્ટ તરીકે સાથ આપી શકે તેમ પણ બને. 'ધ 50' એક એવો રિયાલીટી શો છે જેમાં 50 સેલિબ્રિટી પર્સનાલિટીને એક છતની નીચે અલગ અલગ રાખવામાં આવશે, દરેક સેલિબ્રિટી પર્સનાલિટીને ઈન્ટ્રસ્ટીંગ ટાસ્ક આપવામાં આવશે. આ બધા ટાસ્ક ટાઈમ બેઝ્ડ છે. જે સદસ્ય સમયસર ટાસ્ક પૂરા નહીં કરે તે એલિમિનેટ થઇ જશે, પણ આ શોમાં વોટિંગ સિસ્ટમ છે જેથી દર્શકો પોતાના પસંદીદા સેલિબ્રિટી પર્સનાલિટીને વોટ કરીને શોમાં આગળ લાવશે. ટાસ્ક દરેક એપિસોડમાં જોવા મળશે. જે સદસ્ય બધા ટાસ્ક પૂરા કરી અંત સુધી ટકી રહેશે તે શોના ફિનાલેમાં જગ્યા બનાવશે અને પછી વિનરને જાહેર કરાશે! દરેક એપિસોડમાં ડ્રામા અને ઈન્ટરટેન્ટમેન્ટ શોને મજેદાર બનાવશે.

આ શોનું નામ 'ધ 50' માત્ર તેના 50 સદસ્યોને ધ્યાને રાખી નથી રાખવામાં આવ્યું, તેનું બીજું પણ એક કારણ છે, કેમ કે આ શોના 50 એપિસોડ પ્લાન કરવામાં આવ્યા છે તેથી શોનું નામ 'ધ 50' રાખ્યું છે. 'ધ 50' શોને મુંબઈ મડ આઈલેન્ડમાં શૂટ કરવામાં આવ્યો છે. શોનો સેટ કોઈ મોટો મહેલ જેવો ડિઝાઈન કર્યો છે. શોના વિનરને 50 લાખ રૂપિયા મળશે.

સદસ્યોને કનેક્શન બનાવવા પડી શકે, એકબીજાને પોતાની સ્માર્ટ ગેમ અને નંબરગેમથી હરાવવા પડશે. શોના સદસ્યોની વાત કરીએ તો કરણ પટેલ, ફૈઝલ શેખ, દિવ્યા અગ્રવાલ, અંતરા બિશ્વાસ, મોનાલિસા, વિક્રાંત સિંહ રાજપૂત, શિવ ઠાકરે, શાઈની દોશી, દુષ્યંત કુકરેજા, ઉર્વશી ધોળકિયા, યુવિકા ચૌધરી, પ્રિન્સ નરૂલા, મનિશા રાની, ચાહત પાંડે, ડિંપલ સિંહ, હમિદ બરકજી, મેક્સટર્ન, અને રિદ્ધિ ડોગરા વગેરે જેવા ફેમસ સેલિબ્રિટીના નામો છે. ●